સુરતમાં પાંચ સ્થળે સતત બીજા દિવસે તપાસ યથાવત્

# બ્રોકરેજ ફર્મમાં તપાસનો રેલો કંપનીઓ સુધી પહોંચ્યો

**બ્રોકરેજ** ફર્મના માલિકના અમૃતસર સ્થિત ઘરે આવકવેરા વિભાગની તપાસ

**આવક** કયા ખાતામાં જાય છે? બ્રોકરેજ કેટલું ચૂકવે છે? સેબીમાં ડેટા નિયમિત કેમ નહીં? તેવી વિવિધ મુદ્દે તપાસ

**આઈટીના** અધિકારીઓને શંકા છે કે કંપની દ્વારા ઓપ્શન ટ્રેડિંગ કરવામાં આવ્યું છે

સુરત : 315 કરોડનું માર્કેટ કેપ ધરાવતી સુરતની જાણીતી ઓનલાઈન ટ્રેડિંગ એન્ડ બ્રેકિંગ ફર્મના સુરત સ્થિત 4 સ્થળોએ અમૃતસર આવકવેરા વિભાગની ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા ગઈકાલે કરવામાં આવેલી સર્ચ કાર્યવાહી સતત બીજા દિવસે યથાવત રહી છે. આજે સુરતમાં બ્રોકરેજ ફર્મના માલિકના ઘરે અમૃતસર આવકવેરા વિભાગના અધિકારીઓ પૂછપરછ માટે પહોંચ્યા હતા. તપાસના મુખ્ય મુદ્દાઓમાં બ્રોકરેજ ફર્મની આવક કયા ખાતામાં જાય છે. બ્રોકરેજ એસોસિએટ્સ કંપનીઓ સાથે સંકળાયેલા લોકોને કેટલું ચૂકવે છે, અને ગ્રાહકોને કેટલું ચૂકવે છે. સેબીમાં ડેટા નિયમિત કેમ મોકલવામાં નહીં આવ્યા મુદ્દે તપાસ કરવામાં આવી હતી. એસોસિયેટ કંપનીઓ અને મોટા ગ્રાહકો સાથે કયા પ્રકારના કરાર કરવામાં આવ્યા એને લગતા ડોક્યુમેન્ટ જપ્ત કરવામાં આવ્યા છે. બ્રોકરેજ ફર્મના માલિકના ઘરેથી એસોસિયેટ કંપનીઓની વિગતો મેળવવામાં આવી છે.

સુરતની આ શેર બ્રેકિંગ ફર્મ નેશનલ એક્સચેન્જ મેમ્બર્સ ઓફ ઈન્ડિયાના બોર્ડમાં છે. કંપની ઓનલાઈન ટ્રેડિંગ સેવાઓ આપી રહી છે. જેમાં ઓનલાઈન સ્ટોક ટ્રેડિંગ અને રોકાણ પ્લેટફોર્મ પૂરી પાડે છે. એમ આવકવેરા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

અમૃતસરથી આવેલી આવકવેરા વિભાગની ટીમ મોટા શેર ટ્રાન્ઝેક્શન સાથેના કેટલાંક નાણાકીય વ્યવહારો અંગે માહિતી મેળવી રહી છે. અધિકારીઓને શંકા છે કે, કંપની દ્વારા જે ઓપ્શન ટ્રેડિંગ કરવામા આવ્યુ છે તેમાં કેટલીક બાબતો શંકાસ્પદ છે.

# વિદ્યાર્થીઓનું ગુરુવારથી દિવાળી વેકેશન શરૂ

**શાળાઓ** હવે 6 નવેમ્બરે ખૂલશે, કોલેજોમાં 17મી ઓક્ટોબરથી વેકેશન, નવું સત્ર 7 નવેમ્બરથી શરૂ થશે

સુરતઃ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું પ્રથમ સત્ર આવતીકાલે, એટલે કે ૧૫ ઑક્ટોબરે પૂર્ણ થશે. ત્યારબાદ ગુરુવારથી ૨૧ દિવસનું દિવાળી વેકેશન શરૂ થશે, જે ૫મી નવેમ્બર સુધી ચાલશે. દિવાળી બાદ દ્વિતીય સત્રનો પ્રારંભ ૬ નવેમ્બરથી થશે. આવતીકાલે પ્રથમ સત્રનો છેલ્લો દિવસ હોવાથી શાળાઓમાં દિવાળીની ઉજવણીનું વાતાવરણ રહેશે. વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવશે, નાનકડા કાર્યક્રમો યોજાશે અને બાળકો ઉત્સાહપૂર્વક વેકેશન માટે રવાના થશે. દિવાળીના મુખ્ય તહેવાર "પ્રકાશ પર્વ"નો આરંભ ૧૭ ઑક્ટોબરથી થશે. કોલેજોમાં પણ ૧૬ ઑક્ટોબરથી પ્રથમ સત્ર પૂર્ણ થઈ ૧૭ ઑક્ટોબરથી ૨૧ દિવસનું દિવાળી વેકેશન શરૂ થશે. કોલેજોનું દ્વિતીય સત્ર ૭ નવે. થી શરૂ થશે. વેકેશન બાદ તરત જ યુનિવર્સિટીની સેમેસ્ટર પરીક્ષાઓનો માહોલ સર્જાશે.

**નર્મદ યુનિવર્સિટીમાં પણ 19થી 28 ઓક્ટોબર તહેવારની છૂટ્ટી**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર અનુસાર, યુનિવર્સિટીનું કાર્યાલય અને ગ્રંથાલય ૧૯ ઓક્ટોબરથી ૨૮ ઓક્ટોબર સુધી બંધ રહેશે. ૨૯ ઓક્ટોબરથી તમામ કચેરીઓ અને સેવાઓ નિયમિત રૂપે ચાલુ થશે.

સુરત જિલ્લાના ઓલપાડમાં પાવર ગ્રીડ

# જમીન સંપાદનમાં 219 કરોડનું કૌભાંડ: કોંગ્રેસ

**રાજકીય** "મોટા માથાઓ"એ જમીન ખરીદી-એન.એ. કરીને સરકારને રૂ.૨૧૯ કરોડનો ચૂનો લગાવ્યો

**કૌભાંડ** મામલે સીટની રચના કરી તપાસ કરાવવા કોંગ્રેસના ડો. તુષાર ચૌધરીની માંગ

**કેટલી જમીન એન.એ. થઈ ? તે તપાસનો વિષય**

આક્ષેપ કરતાં ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, હવે સવાલ એ થાય કે, પહેલા જે ત્રણ ગામો પસંદ કરવામાં આવ્યા હતા, એ ગામોમાંથી શા માટે જમીન સંપાદન કરવામાં ન આવી? ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૨૪થી જાહેરનામાની તારીખ સુધી કેટલા નવા ખરીદ વેચાણ થયા? ઓલપાડની બ્લોક નં. પૈકી કેટલી જમીન ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૪ પછી બિનખેતી કરવામાં આવી? ચાલુ વર્ષે જમીન ખરીદ કરીને એન.એ. કરાવી દીધી હોય એવા મોટા માથાઓનો સમાવેશ થાય છે. પાવર ગ્રીડ લાઇન સ્થપાવાની છે, એની જાણ તેઓને અગાઉથી થઇ ગઇ હોવાથી ચાલુ વર્ષે જ જમીન ખરીદીને એ જમીન એન.એ પણ કરી દેવામાં આવી.

**સુરત શહેરમાં ૭,૦૦૦ ગેરકાયદે કોટેજ ઈન્ડસ્ટ્રીઝ: ડો. તુષાર ચૌધરી**

ડો. તુષાર ચૌધરીએ સુરત મહાનગરપાલિકા પર પણ ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રહેણાંક વિસ્તારોમાં આશરે ૭,૦૦૦ જેટલી કોટેજ ઈન્ડસ્ટ્રીઝને ગેરકાયદે પરવાનગી આપવામાં આવી છે, જેમાં નિયમ વિરુદ્ધ વધારાના માળ બાંધીને અને પાર્કિંગ ચાર્જની ચૂકવણી કર્યા વગર શહેરની તિજોરીને રૂ.૩,૪૭૫ કરોડ જેટલું નુકસાન થયું છે. તેમણે કહ્યું હતું કે, આ ગેરકાયદે ઉદ્યોગો રાજકીય સંરક્ષણ હેઠળ ધમધમી રહ્યા છે.

ગાંધીનગરઃ સુરતના ઓલપાડમાં પાવર ગ્રીડ કોર્પો. માટે ૭૬૫ કેવીએના સબ સ્ટેશનનું નિર્માણ કરવા સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ટકારમા, ગોલા અને રાજનગરની જમીન સંપાદન કરવામાં કરોડોનું જમીન કૌભાંડ થયું છે, તેની તપાસ કકરવા માટે સીટની રચના થવી જોઈએ, તેવી માંગ ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ માંગ કરી છે. રાજ્ય સરકારના પાવર ગ્રીડ સબસ્ટેશન માટે જમીન સંપાદનની કાર્યવાહી દરમિયાન રૂ.૨૧૯ કરોડનું નુકસાન રાજ્યની તિજોરીને પહોંચાડવામાં આવ્યું હોવાનો આક્ષેપ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ કર્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, ઓલપાડ તાલુકાના ત્રણ ગામો ટકારમા, ગોલા અને રાજનગરમાં જમીન સંપાદન કરવાની યોજના હતી, પરંતુ પછી અચાનક ઓલપાડ ગામની જમીન પસંદ કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. આ દરમિયાન કેટલાક "મોટા માથાઓ"એ રાજકીય પ્રભાવથી જમીન ખરીદી અને બિનખેતી (NA) કરાવી દીધી, જેના કારણે સરકારે વધુ કિંમત ચૂકવવી પડી. ચૌધરીએ આ આખા "જમીન એન.એ. કૌભાંડ"ની SIT દ્વારા નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. તુષાર ચૌધરીએ સરકારને ચેતવણી આપી કે, કોંગ્રેસ ખેડૂતોના હક્ક માટે હંમેશા લડવા તૈયાર છે. ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ સામે પ્રજા અને ખેડૂતોને ન્યાય અપાવવા માટે લડત ચાલુ રહેશે."

# કાળમુખું ડમ્પર યુવાનને ભરખી ગયું

**કડોદનો** 26 વર્ષીય અર્પણ વાયડે મિત્ર સાથે નાઈટ ડ્યુટીની નોકરી માટે મીનીબજાર આવી રહ્યો હતો

**લસકાણા** બુલેટ ટ્રેનના બ્રિજ નીચે તેમની બાઈકને ટક્કર મારી ડમ્પર ફરાર, અર્પણનું મોત, મિત્રને પણ ગંભીર ઈજા

સુરતઃ બારડોલી કડોદ ગામમાં પ્રમુખ દર્શન સોસાયટીમાં રહેતા 26 વર્ષીય અર્પણભાઈ રાજુભાઈ વાયડે વરાછા મીની બજાર ખાતે એક હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે નોકરી કરી પત્ની સહિતના પરિવારનું ભરણપોષણ કરતો હતો. સોમવારે રાત્રે અર્પણભાઈ મિત્ર નિકુંજ પ્રજાપતિ સાથે બાઈક પર નાઈટ ડ્યુટી પર નોકરીએ જવા નીકળ્યો હતો. દરમિયાન લસકાણા ગઢપુર પાસે બુલેટ ટ્રેન બ્રિજ નીચેથી પસાર થતા હતા ત્યારે અજાણ્યા ડમ્પર ચાલકે અર્પણભાઈની બાઈકને ટક્કર મારી તેઓને અડફેટે લેતા બંનેને ગંભીર ઈજા થઈ હતી, જેથી તેમને સારવાર માટે 108માં સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે અર્પણભાઈને મૃત જાહેર કર્યા હતા. જ્યારે મિત્ર નિકુંજને ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અંગે વધુ તપાસ લસકાણા પોલીસ કરી રહી છે.

# હવે રેલવે ટિકિટ લેવા લાંબી લાઈનમાં ઊભું રહેવું નહીં પડે

**ઉધના** સ્ટેશન પર મોબાઈલ ટિકિટિંગ સેવા શરૂ, તહેવારોની ભીડમાંથી રાહત મળશે

**બુકિંગ** ક્લાર્ક હવે પ્લેટફોર્મ અને પેસેન્જર હોલ્ડિંગ એરિયામાં જઈને મુસાફરોને ટિકિટ આપશે

સુરતઃ તહેવારોની મોસમમાં ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે ભારતીય રેલવેએ એક નવીન પહેલ શરૂ કરી છે. હવે મુસાફરોને જનરલ ટિકિટ લેવા માટે ટિકિટ કાઉન્ટર પર લાંબી કતારોમાં ઊભા રહેવું પડશે નહીં. રેલવેએ "મોબાઈલ મૂવિંગ ટિકિટિંગ ડિવાઈસ" (TVS મોબાઈલ UTS મશીન) ની શરૂઆત કરી છે, જેના દ્વારા બુકિંગ ક્લાર્ક હવે પ્લેટફોર્મ અને પેસેન્જર હોલ્ડિંગ એરિયામાં જઈને મુસાફરોને ટિકિટ આપશે.

આ સેવા 14 ઓક્ટોબરથી શરૂ કરવામાં આવી છે અને પહેલાં જ દિવસે આ નવી વ્યવસ્થા હેઠળ લગભગ 1500 ટિકિટ જારી કરવામાં આવી હતી. ઉધના સ્ટેશનના અનારક્ષિત બુકિંગ ક્લાર્ક વિભાગને હાલમાં 6 મોબાઈલ ટિકિટિંગ ડિવાઈસ આપવામાં આવ્યા છે.

આ ડિવાઈસ દ્વારા જનરલ અને પ્લેટફોર્મ ટિકિટ સીધા મુસાફરોની સામે જ પ્રિન્ટ કરી શકાય છે. આ સુવિધા ખાસ કરીને દિવાળી અને છઠ જેવા તહેવારો દરમિયાન ઉત્તર ભારત જતી ટ્રેનોમાં થતી ભારે ભીડને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી છે.

તહેવારોની મોસમમાં ઉધના સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ રહે છે, જેના કારણે ટિકિટ કાઉન્ટરો પર લાંબી કતારો અને અવ્યવસ્થાની સ્થિતિ સર્જાઈ છે.

રેલવે અધિકારીઓનું કહેવું છે કે આ સુવિધા મુસાફરો માટે મોટી રાહત લાવશે. આ મોબાઈલ ટિકિટિંગ સેવાનો હેતુ ટિકિટિંગ પ્રક્રિયાને વધુ સરળ, ડિજિટલ અને મુસાફરો માટે અનુકૂળ બનાવવાનો છે. આગામી દિવસોમાં આ વ્યવસ્થાને વધુ વિસ્તારવાની યોજના છે જેથી સ્ટેશન પર ટિકિટિંગ સંપૂર્ણપણે ડિજિટલ અને ભીડમુક્ત બની શકે.

# અમદાવાદની સેશન્સ કોર્ટમાં પણ જજ સામે ફરિયાદીએ ચપ્પલ ફેંકી

અમદાવાદઃ તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સામે એડવોકેટ દ્વારા ચપ્પલ ફેકવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના બાદ, અમદાવાદની સેશન્સ કોર્ટમાં પણ સુનાવવાની દરમિયાન ફરિયાદીએ જજ સામે ચપ્પલ ફેકી હોવાની ઘટના બનવા પામી છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી, તે દરમિયાન ફરિયાદીએ રોષ વ્યક્ત કર્યો હતો, અને જજ તરફ ચપ્પલ ફેકી હતી. મળતી માહિતી મુજબ ફરિયાદીની અપીલ કાઢી નાખવામાં આવતા રોષે ભરાયેલા ફરિયાદીએ આ હરકત કરી હોવાનું સામે આવ્યું હતું. આ ઘટના બાદ સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક ચપ્પલ ફેકનારની અટકાયત કરી તેની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

**જ્વેલર્સને 'પુષ્ય...**

વ્યવહારો મોટાભાગે સંપૂર્ણ એડવાન્સ પેમેન્ટના આધારે થઈ રહ્યા છે. આ અનિશ્ચિતતાને કારણે ઘણાં લોકો સોના અને ચાંદી ખરીદવાથી દૂર રહ્યા છે, મધ્યમ વર્ગના પરિવારો પણ તેને ઓછો વ્યવહારુ માને છે.

બીજી તરફ, રોકાણકારો બજારને આગળ ધપાવી રહ્યા છે. સોનાના સિક્કા અને ચાંદી પર રોકાણ તરીકે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, વધુ ભાવ વધારાની અપેક્ષા રાખી રહ્યા છે. પરિણામે, લગ્નના ઘરેણાંનું બજાર ખૂબ ધીમું છે અને કુલ વોલ્યુમ, રૂપિયામાં, લગભગ 70થી 80 કરોડ રહ્યું છે, પરંતુ વજનની દૃષ્ટિએ, તે ગયા વર્ષની તુલનામાં લગભગ 30થી 40 ટકા ઓછું છે. વધુમાં, હળવા વજનના ઘરેણાંની એવરેજ માંગ રહી અને પ્લેટિનમ ઘરેણાં વિશે પણ પૂછપરછ કરવામાં આવી છે. કંઈક અંશે પાતળી સાઈઝ, એક ગ્રામ સોનાની લગડી અને ચાંદીની ખરીદી લોકોએ કરી હતી. આગામી સમયમાં લગ્ન ઓછા હોવાથી તેની ખરીદી પણ ઓછી નીકળી હતી. ગયા વર્ષે સોના-ચાંદીના ભાવ ઓછા હોવા છતાં જ્વેલર્સે પુષ્ય નક્ષત્રના પર્વમાં 80 કરોડનો વેપાર કર્યો હતો.

સોનાં અને ચાંદીનો ભાવ ઐતિહાસિક લેવલે પહોંચવા સાથે ભાવો સતત વધી રહ્યા હોવાથી નવેમ્બર, ડિસેમ્બરની લગ્નસરાની સિઝનના ગ્રાહકો અને રોકાણકારોએ ખૂબ મોટી માત્રામાં સોના, ચાંદી અને પ્લેટિનમની ખરીદી કરતા ડિમાન્ડ અને સપ્લાયનો ધારો ખોરવાયો છે. પુષ્ય નક્ષત્ર પહેલા જ ચાંદી અને પ્લેટિનમનો સ્ટોક સુરત, વાપી, અમદાવાદ, રાજકોટ ચોક્સી બજારમાં ખૂટી પડ્યો હતો. જ્વેલર્સ સોનામાં 100% એડવાન્સની ડિમાન્ડ" કરી રહ્યા છે.

સુરતમાં બુલિયન માર્કેટના એક્સપર્ટ દેવાંગ ચોક્સીએ જણાવ્યું હતું કે, "ઘણાં વર્ષો પછી આવી સ્થિતિ જોવા મળી છે, જેમાં ચાંદી અને પ્લેટિનમ સરળતાથી મળવું મુશ્કેલ બન્યું છે. એનું કારણ એવું છે કે, સોના, ચાંદી અને પ્લેટિનમના ભાવો વધવા છતાં ડિમાન્ડ સામે સપ્લાય ઓછી છે. વિદેશથી સોના, ચાંદી અને પ્લેટિનમનો જથ્થો ઓછો આવી રહ્યો છે. સુરત સહિત દેશભરમાં સોના, ચાંદી, પ્લેટિનમની અચાનક ડિમાન્ડ નીકળી છે", "સાધારણ રીતે પ્લેટિનમનો વપરાશ ઓછો રહેતો આવ્યો છે. સોના કરતાં એના ભાવ વન થર્ડ છે. સોનાના ભાવ ખૂબ વધી જતા હવે પ્લેટિનમના ભાવ વધશે એવી ગ્રાહકોની ધારણાને પગલે પ્લેટિનમ અને પ્લેટિનમ કોઈન બજારમાં દેખાતા નથી. ચાંદી ઓર્ડર પર ઉપલબ્ધ થઈ રહી છે.

**ધનતેરસે રાજ્યના...**

સમીકરણને ધ્યાને રાખીને નવા ચહેરાઓને કેબિનેટમાં સમાવવામાં આવનાર છે. ધનતેરસ પર નવા મંત્રીઓ શપથ લે તેવી સંભાવના જોવાઈ રહી છે.

ગઈકાલે અચાનક દિલ્હી પહોંચેલા સીએમ ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ પંચાલ અને પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર સહિત ત્રણેય નેતાઓની પીએમ નરેન્દ્ર મોદી સાથે મહત્વની બેઠક પાંચ કલાક ચાલી હતી. જેમાં કેબિનેટમાં ફેરફાર તથા સંગઠનમાં નવી નિમણૂંકો મુદ્દે લંબાણપૂર્વકની ચર્ચા થવા પામી હતી. સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા જગદીશ પંચાલ રાત્રે નવી દિલ્હીમાં રોકાઈ ગયા હતા. આજે સવારે તેઓની મહત્વની બેઠક કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ સાથે પણ બેઠક થઈ હતી. જેમાં કેબિનેટમાં ફેરફાર તથા સંગઠનની મહત્વની નિમણૂંક મામલે ચર્ચા થવા પામી હતી.

**કયા કયા...**

સાથે જ પાટીદાર, ઓબીસી, કોળી, એસસી-એસટી અને ઉત્તર-દક્ષિણ-મધ્ય ગુજરાતના સંતુલન પર પણ પાર્ટી ધ્યાન રાખશે. હાલના મંત્રી ઋષિકેશ પટેલ, બળવંતસિંહ રાજપૂત, હર્ષ સંઘવી, કુંવરજી બાવળિયા, કુબેર ડિંડોર, પ્રફુલ પાનસેરિયા, પરસોત્તમ સોલંકી અને મુકેશ પટેલને કેબિનેટમાં યથાવત રાખવામાં આવી શકે છે. પરંતુ અન્ય આગેવાનોના મત પ્રમાણે આ નામો પણ હજુ ફાઈનલ નથી. ભાજપના દિલ્હી દરબારમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, 10 મંત્રીઓને દૂર કરવામાં આવી શકે છે. તેમના સ્થાને નવા મંત્રીઓ આવી શકે છે, અને બાકીના મંત્રીઓ યથાવત રહેશે. ભાજપનો પરાજય થયો હતો અને આપના ગોપાલ ઈટાલીયાનો વિજય થયો હતો. જેના પગલે સૌરાષ્ટ્રમાં તેના વધતા પ્રભાવે ભાજપ માટે પડકાર ઉભો કર્યો છે.

**વેલંજામાં 'મોગલ...**

લાખ રૂપિયાની 'મનોઈચ્છા પૂર્તિ' ફી વસૂલતી. દીકરી ધૂણવાનો ઈનકાર કરતી તો તેને ઢોર માર મારવામાં આવતો હતો. આ રીતે ધર્મના નામે દીકરીનું શારીરિક અને માનસિક શોષણ વર્ષોથી ચાલતું રહ્યું હતું.

વિજ્ઞાન જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડ્યાને આ ગોરખધંધાની માહિતી મળતાં તેમણે ભાનુબેન ગોહિલ, ભક્તિબેન રાજગોર અને રવિ પરબતાણી સહિતની ટીમને તપાસ માટે મોકલી હતી. તપાસ દરમિયાન દીકરીને મજબૂરીમાં ધૂણતા કરાવવાની હકિકત તેમજ લોકો પાસેથી નાણાં પડાવવાના પ્રમાણો સામે આવી હતી. પુરાવા એકત્ર થતાં જ જાથાએ ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો અને સંયુક્ત રેડની યોજના બનાવી. રાજકોટથી જયંત પંડ્યા અને તેમની ટીમ પોલીસ ઇન્સ્પેક્ટર ડી.યુ. બારડ અને એન.જી. પટેલના માર્ગદર્શન હેઠળ સ્થળ પર પહોંચી હતી. અચાનક પોલીસે છાપો મારતાં દંપતી હેબતાઈ ગયું હતું. તે સમયે પણ એક શ્રદ્ધાળુ 'ભૂઈમાની હાજરી' માટે 21 હજાર રૂપિયા લઈને આવ્યો હતો.

પોલીસે અને જાથાની ટીમે દંપતીની પૂછપરછ કરતા બંનેએ પોતાનો દોષ સ્વીકારી માફી માગી હતી. પ્રારંભિક તપાસમાં ખુલ્યું કે, આ દંપતી છેલ્લા ઘણાં વર્ષોથી સોશિયલ મિડિયા મારફતે 'ભૂઈમા'ના વીડિયોઝ વાયરલ કરીને લોકોને પ્રલોભન આપતું હતું. કેટલાક કેસોમાં બ્લેકમેલિંગના અંશ પણ સામે આવ્યા છે. હાલ ઉત્રાણ પોલીસે દંપતી સામે છેતરપિંડી, ધર્મના નામે ભ્રમ ફેલાવવો અને બાળશોષણની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વેલંજા ગામની આ ઘટના માત્ર અંધશ્રદ્ધાનો જ નહીં, પરંતુ એક નિર્દોષ બાળાના શોષણનો જીવંત દાખલો છે. વિજ્ઞાન જાથા અને સુરત પોલીસે સમયસર પગલાં લઈ એક દીકરીને અંધવિશ્વાસની સાંકળમાંથી મુક્ત કરાવી છે. હવે આ કેસ રાજ્યભરમાં અંધશ્રદ્ધા સામે ચેતવણીરૂપ બન્યો છે.

**80 હજાર-...**

જૈન (ઉ.૫૫, આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ ઓફિસર) અને રવિશંકર શ્યામકાંત ઝા (ઉ.૪૭, સિનિયર એકાઉન્ટન્ટ ઓફિસર)ને વાપી સી.જી.એસ.ટી. કચેરીમાં જ રૂપિયા 2000ની લાંચ સ્વીકારતા પકડાયા હતા. જેના પગલે અધિકારીઓએ તાત્કાલિક તેમની અટકાયત કરી તેમના વિરૂદ્ધ એસીબીમાં ગુનો દાખલ કર્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, કેન્દ્ર સરકાર સંચાલિત કચેરીમાં આસિસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા કપિલ નટવરલાલ જૈનનો પગાર રૂપિયા 80 હજાર છે. જ્યારે તેમના સિનિયર એકાઉન્ટ ઓફિસ રવિશંકર ઝાનો પગાર રૂપિયા 1.05 લાખ છે. ઉચ્ચ પગારધારી આ અધિકારીઓ રૂપિયા 2 હજારની લાંચ લેતા પકડાતા ભારે ચર્ચા ચાલી હતી.

**ધીમા પગલે...**

ઠંડી અને બપોરે ગરમીનો અનુભવ એકસાથે થઈ રહ્યો છે. સામાન્ય રીતે દિવાળી પહેલાં ઠંડીનું આગમન થઈ જતું હોય છે અને હવે દિવાળી માટે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ઠંડી ધીમે ધીમે પગપેસારો કરતી જણાઈ રહી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં સવારના તાપમાનમાં વધુ ઘટાડો નોંધાઈ શકે છે, જેનાથી સુરતમાં શિયાળાની ઋતુનો આરંભ સ્પષ્ટ રીતે અનુભવાય તેવી શક્યતા છે.

**વતન જવા...**

રાત્રિના 12 વાગ્યાથી જ ટિકિટ અને ટ્રેનમાં પ્રવેશ માટે લાઈનમાં ઊભા રહેતા જોવા મળી રહ્યા છે.

# ઉનમાં ફટાકડાના લીધે ગોડાઉનમાં આગ

સુરતઃ ઉન સ્થિત ભીંડી બજાર પાસે મારુતિનગર ખાતે ખુલ્લા પ્લોટમાં લાકડાનો જથ્થો મૂકવામાં આવ્યો છે. મંગળવારે બપોરે આ લાકડાના ગોડાઉનમાં ફટાકડાને લીધે આગ ભભૂકી ઊઠી હતી. જોતજોતામાં આગ ફેલાતાં વધુ પ્રમાણમાં ધુમાડો નીકળતાં આજુબાજુ અને સ્થાનિક લોકોમાં ભય ફેલાઈ ગયો હતો અને ત્યાં હાજર વ્યક્તિઓમાં નાસભાગ મચી હતી.

કોલ મળતા ત્રણ ફાયર સ્ટેશનની પાંચ ફાયરની ગાડીએ ઘટના સ્થળે પહોંચી પાણીનો છંટકાવ કરી દોઢથી બે કલાકમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. જેના લીધે ત્યાં લાકડાના જથ્થાનો કેટલોક સ્ટોક અને નજીકમાં આવેલી ઝૂંપડપટ્ટી બચી ગઈ હતી. આગને લીધે લાકડાના જથ્થા સહિતની વસ્તુઓને નુકસાન થયું હતું.

ગત વર્ષે એક જ દિવસે 60 હજારથી વધુ મુસાફરો સ્ટેશન પર એકઠા થતા ભારે ભાગદોડ સર્જાઈ હતી. તે અનુભવ પછી આ વર્ષે સુરત પોલીસ અને રેલવે અધિકારીઓએ સુરક્ષાની વ્યવસ્થા વધુ મજબૂત કરી છે. ખાસ કરીને તાજેતરમાં પશ્ચિમ બંગાળના રેલવે સ્ટેશન પર ભાગદોડની ઘટના બાદ સુરત પોલીસે સાવચેતી વધારી છે. લિંબાયત પોલીસ ઈન્સ્પેક્ટર પીઆઈ સી.એસ. ધોકડીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, અમે માત્ર ડ્રોન સર્વેલન્સ જ નહીં, પરંતુ વોકી-ટોકી અને અન્ય ટેક્નિકલ ઉપકરણોનો ઉપયોગ કરીને ભીડ પર નજર રાખી રહ્યા છીએ. મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં વ્યવસ્થિત બેસાડવામાં આવી રહ્યા છે, જેથી ભાગદોડ કે ધકામુક્કીની સ્થિતિ ન સર્જાય અને દરેક યાત્રી પોતાની યાત્રા સુરક્ષિત રીતે શરૂ કરી શકે.

# VNSGUમાં જૈન ચેરને બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજૂરી

**વ્યક્તિ** નિર્માણ, પર્યાવરણ જાગૃતિ અને નૈતિક નેતૃત્વ માટે નવી પહેલ

**પાંચ** લાખ રૂપિયાની અંદાજપત્રિય જોગવાઈ કરવામાં આવી

**ટૂંક** સમયમાં ચેરના શૈક્ષણિક અને વહીવટી માળખા માટે અહેવાલ તૈયાર કરાશે

**આધ્યાત્મિક અને નૈતિક શિક્ષણ તરફ એક સકારાત્મક પગલું**

યુનિવર્સિટી દ્વારા આ પહેલને શૈક્ષણિક માળખામાં આધ્યાત્મિક અને નૈતિક શિક્ષણને પ્રોત્સાહન આપવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ ગણવામાં આવી રહ્યો છે. આ ચેર દ્વારા વિદ્યાર્થીઓમાં સદાચાર, પર્યાવરણ પ્રતિબદ્ધતા અને જવાબદાર નેતૃત્વના મૂલ્યો વિકસિત થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

સુરતઃ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વ્યવસાયિકો માટે વ્યકિત નિર્માણ, પર્યાવરણ જાગૃતિ તથા નૈતિક નેતૃત્વ જેવા મૂલ્યોને પ્રોત્સાહિત કરવા માટે "સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ" હેઠળ જૈન ચેરની સ્થાપના કરવામાં આવશે.

તા.૦૮-૧૦-૨૦૨૫ના રોજ યોજાયેલી એકિઝક્યુટીવ કાઉન્સિલની સભામાં થયેલા ઠરાવ અનુસાર આ ભલામણ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી, જેને હવે બોર્ડ દ્વારા યથાવત સ્વીકાર કરી મંજૂરી આપવામાં આવી છે.

ચેર અંતર્ગત વિવિધ શૈક્ષણિક, સંશોધન, વહીવટી તથા આનુષંગિક પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે રૂ.5 લાખની અંદાજપત્રિય જોગવાઈ કરવાની મંજૂરી બોર્ડ ઓફ મેનેજમેન્ટે આપી છે. ચેરના ઉદ્દેશ્ય મુજબ નૈતિક મૂલ્યો, પર્યાવરણ સંરક્ષણ અને માનવીય વિકાસ જેવા ક્ષેત્રોમાં તાલીમ, અભ્યાસક્રમો અને કાર્યક્રમો યોજાશે. જૈન ચેર અંતર્ગત આવનારી તમામ પ્રવૃત્તિઓની મોડાલીટીઝ (કાર્યપદ્ધતિ) નક્કી કરવા માટે ચાર સભ્યની સમિતિની રચના કરવામાં આવી છે.

સમિતિમાં ડૉ. દેવભદ્ર શાહ, ડૉ. ભરત ઠાકોર, આર્કિ. નિરવ શાહ અને ડૉ. મેહુલ શાહનો સમાવેશ થાય છે.

આ સમિતિ ટૂંક સમયમાં ચેરના શૈક્ષણિક અને વહીવટી માળખા માટે અહેવાલ તૈયાર કરશે. બોર્ડના નિર્ણય અનુસાર, જૈન ચેરનું અલગ બેંક ખાતું નહીં ખૂલે ત્યાં સુધી રૂ. ૫ લાખની રકમ સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝના ખાતામાં જમા કરાશે.


સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India
ઓરણા શાખા : લુહાર ફળીયા, બસ સ્ટોપ પાસે, ગામ અને પોસ્ટ-ઓરણા, તાલુકા-કામરેજ, જિ. સુરત-૩૯૪ ૩૩૦.

**પઝેશન નોટીસ**

પરિશિષ્ટ- ૪ નિયમ ૮(૧) (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઓરણા શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૨), ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૨૫.૦૪.૨૦૨૫**ના રોજ **શ્રી કિરણ મધુકર પાટીલ (કરજદાર), શ્રીમતી છાયાબાઈ મધુકર પાટીલ અને મધુકર ઉત્તમ પાટીલ (સહ-કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૭,૯૬,૯૪૦/- (રૂા. સાત લાખ છન્નું હજાર નવસો ચાલીસ પુરા)** (તા. ૨૫.૦૪.૨૦૨૫ના રોજ મુદલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે) તા. ૨૫.૦૪.૨૦૨૫ ના રોજ થી ચડત વ્યાજ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની લેણા રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા, જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરીએ નીચે દર્શાવેલ મિલકતનો પ્રત્યક્ષ કબજો લીધેલ છે. માનનીય ચીફ ડિસ્ટ્રીકટ મજીસ્ટ્રેટ, કઠોર, સુરત ના તા. ૧૮.૦૯.૨૦૨૫ના રોજ પાસ થયેલ હુકમને ધ્યાનમાં રાખીને કેસ નં. સીઆરએમજે/૧૫૮૦/૨૦૨૫ કોર્ટ કમિશનર દ્વારા **તા. ૧૨.૧૦.૨૦૨૫**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા, સહ-કરજદાર અને જામીનદાર વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૭,૯૬,૯૪૦/- (રૂા. સાત લાખ છન્નું હજાર નવસો ચાલીસ પુરા)** (તા. ૨૫.૦૪.૨૦૨૫ના રોજ મુદલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે) તા. ૨૫.૦૪.૨૦૨૫ ના રોજ થી ચડત વ્યાજ સાથે બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતની વિગત**

જે પ્લોટ નં. ૩૭, સાઈટ મુજબ ક્ષેત્રફળ ૪૮.૦૦ સ્કે. યાર્ડ કેજેપી મુજબ બ્લોક નં. ૪૪૮/સબ પ્લોટ ૨/૩૭, ક્ષેત્રફળ ૪૦.૧૫ સ્કે.મીટરની ખુલ્લી જમીન સાથે અવિભાજીત સરખા ભાગનો રોડ કોમન રોડ અને સીઓપીનો ક્ષેત્રફળ ૨૪.૮૭ સ્કે.મીટર, "અરાધના ઓરચીડ" થી ડેવલોપડ જમીન જે સ્થિત મોજે ગામ-હલદરૂ, સબ જિ. અને તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. જેનો રેવન્યુ સર્વે નં. ૩૪૪, જુનો બ્લોક નં. ૪૦૨, પછીનો રી-સર્વે નં. ૪૪૮, ક્ષેત્રફળ હેકટર એરીયા ૧-૮૧-૭૮ સ્કે.મીટર યાને કે ૧૮૧૭૮ સ્કે.મીટરની બિન ખેતીલાયક જમીન પૈકી.

ચતુરસીમા : ● પુર્વે : પ્લોટ નં. ૨૮ ● પશ્ચિમે : સોસાયટીનો રસ્તો
● ઉત્તરે : પ્લોટ નં. ૩૬ ● દક્ષિણે : પ્લોટ નં. ૩૮

સહી/-
તારીખ : ૧૨.૧૦.૨૦૨૫ — અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત — સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इंडिया / Central Bank of India
વેસુ શાખા : દુકાન નં. ૭-૮-૯, રઘુવીર બિઝનેસ પાર્ક, ઉધના મગદલ્લા રોડ, વેસુ, સુરત.

**પઝેશન નોટીસ**

પરિશિષ્ટ- ૪ નિયમ ૮(૧) (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વેસુ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૨), ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૧૩.૦૩.૨૦૨૫**ના રોજ **શ્રી હિતેશ ગોવિંદભાઈ પ્રજાપતિ(કરજદાર) અને શ્રી મુકેશકુમાર ગોવિંદભાઈ પ્રજાપતિ (સહ-કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૩૬,૫૯,૧૯૦/- (રૂા. છત્રીસ લાખ ઓગણસાઈઠ હજાર એકસો નેવું પુરા)** (તા. ૧૩.૦૩.૨૦૨૫ના રોજ મુદલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે) તા. ૧૩.૦૩.૨૦૨૫ ના રોજ થી ચડત વ્યાજ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની લેણા રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા, જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરીએ નીચે દર્શાવેલ મિલકતનો પ્રત્યક્ષ કબજો લીધેલ છે. માનનીય ચીફ ડિસ્ટ્રીકટ મજીસ્ટ્રેટ, કઠોર, સુરત ના તા. ૧૮.૦૯.૨૦૨૫ના રોજ પાસ થયેલ હુકમને ધ્યાનમાં રાખીને કેસ નં. સીઆરએમજે/૧૫૮૨/૨૦૨૫ કોર્ટ કમિશનર દ્વારા **તા. ૧૨.૧૦.૨૦૨૫**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા, સહ-કરજદાર અને જામીનદાર વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા** ના બાકી લેણા **રૂા. ૩૬,૫૯,૧૯૦/- (રૂા. છત્રીસ લાખ ઓગણસાઈઠ હજાર એકસો નેવું પુરા)** (તા. ૧૩.૦૩.૨૦૨૫ના રોજ મુદલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે) તા. ૧૩.૦૩.૨૦૨૫ ના રોજ થી ચડત વ્યાજ સાથે બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતની વિગત**

જે બંગલો નં. ૩૬૧ (૭/૧૨ મુજબ અને કેજેપી રેકોર્ડ બ્લોક નં. ૩૪૩/૩૬૧) સ્વપના વિલા થી જાણીતી સોસાયટી, જે સ્થિત દાદા ભગવાન મંદિર પાસે, નનસાડ રોડ, કામરેજ જેનો રેવન્યુ સર્વે નં. ૩૫૬ અને ૩૫૭, બ્લોક નં. ૩૪૩, ગામ-કામરેજ, તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. કુલ ક્ષેત્રફળ આશરે પ્લોટ એરીયા ૭૪.૦૮ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો રોડ રસ્તા અને સીઓપી વાળી જમીન એરીયા ૫૧.૬૩ સ્કે.મીટર અને બાંધકામ સાથે આશરે ક્ષેત્રફળ ૧૧૩.૫૨ સ્કે.મીટર.

ચતુરસીમા : ● પુર્વે : બ્લોક નં. ૩૪૫ થી સંકળાયેલ ● પશ્ચિમે : બંગલો નં. ૩૬૦ થી સંકળાયેલ
● ઉત્તરે : બંગલો નં. ૩૪૯ થી સંકળાયેલ ● દક્ષિણે : રોડ/નેહર થી સંકળાયેલ

સહી/-
તારીખ : ૧૨.૧૦.૨૦૨૫ — અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત — સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા